# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : કલ્પના શાહ

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૧૭–૧૦–૨૦૨૪ સમય : સવારે ૬.૪૫**

---

## કેન્દ્રીય કર્મચારી, પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં વધારો :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે સરકારી કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થા માં 3 ટકાના વધારાને મંજૂરી આપી છે. સરકારના આ નિર્ણયથી અંદાજે 49 કરોડ, 18 લાખ કેન્દ્રીય કર્મચારીઓને, જ્યારે 64 કરોડ 89 લાખ પેન્શનરોને ફાયદો થશે. આ નિર્ણયથી સરકારી તીજોરી પર વર્ષિક 9 હજાર 448 કરોડ રૂપિયાનું ભારણ વધશે.

કલ્પના શાહ

---

## રવિપાકના ટેકાના ભાવમાં વધારો :

કેન્દ્રીય કેબિનેટે વર્ષ 2025-26ની બજાર સિઝન માટેના રવિ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં પણ વધારો કર્યો છે. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગેની જાહેરાત કરતા જણાવ્યું કે સરસવના પાકમાં સૌથી વધુ 300 રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કરવામાં આવ્યો છે. મસુર દાળના ભાવમાં 275 રૂપિયા , ચણાના ભાવમાં 210 રૂપિયા , જવના ભાવમાં 130 રૂપિયા, તેમજ ઘંઉના લઘુત્તમ ટેકાના ભાવોમાં 150 રૂપિયા પ્રતિક્વિન્ટલનો વધારો જાહેર કર્યો છે.

કલ્પના શાહ

---

## ઓક્ટોબર માસના પગાર, પેન્શનની આગોતરી ચુકવણી :

રાજ્ય સરકારે દિવાળીના તહેવારોને અનુલક્ષીને સરકારી કર્મચારીઓને ઑક્ટોબર માસનો પગાર અને પેન્શનની આગોતરી ચૂકવણી કરવાનો નિર્ણય કર્યો છે.

સરકારી કર્મચારીઓ તેમજ પેન્શનર્સને ઑક્ટોબર માસનો પગાર 23થી 25 તારીખ દરમિયાન ચૂકવવામાં આવશે.

વિવિધ કર્મચારી મંડળો, એસોસિએશન અને અગ્રણીઓ દ્વારા આ સંદર્ભે મળેલી રજૂઆતના પ્રતિસાદમાં રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.

**કલ્પના શાહ**

---

## ખાતરમાં તંગી ન રહે તેવી ખાત્રી :

રાજ્યમાં ચાલુ વર્ષે સારો એવો વરસાદ થતાં ખેડૂતોને રવિ પાકમાં નુકસાન થયું છે પરંતુ સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે, તેમને ખાતરમાં કોઈ તંગી રહેશે નહીં. જેના માટે સરકારે આગોતરા પગલાના ભાગરૂપે કેન્દ્ર સરકાર પાસેથી ખાતરની માગણી કરી છે.

રાજય સરકારે 6 લાખ 80 હજાર મેટ્રીક ટન ખાતરની માંગણી કરતાં કેન્દ્ર સરકારે ખાતરનો કેટલોક જથ્થો રાજ્યને પહોંચાડયો છે.

**કલ્પના શાહ**

---

## ડીઝીટલ ભારત અંતર્ગત અંતરિયાળ વિસ્તારોને આવરી લેવાશે :

રાજયના અંતરિયાળ વિસ્તાર ગામોને ડીઝીટલ ભારત અન્વયે સાંકળી લઈ, પોષાય તેવી અને ઉચ્ચ ગુણવતા યુકત મોબાઈલ અને ડીઝીટલ સેવા પુરી પાડવામાં આવશે. રાજય સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે આ હેતુથી સુધારેલ ભારત નેટ પ્રોગ્રામ ફેઝ – ૩ અંતર્ગત કેન્દ્ર સરકાર સાથે મહત્વ પૂર્ણ કરાર કર્યો છે.

**કલ્પના શાહ**

---

## દિવાળી વેકેશનની તારીખો જાહેર :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે શાળાઓમાં દિવાળી વેકેશન નિયત કરવા અંતર્ગત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દવારા જાહેર કરાયેલ શાળાકીય પ્રવૃતિ કેલેન્ડરમાં દર્શાવેલી તારીખ મુજબ જ રાજયની પ્રાથમિક શાળાઓમાં પણ દિવાળી વેકેશન આગામ ી ૨૮મી ઓકટોબરથી ૧૭મી નવેમ્બર ૨૦૨૪ સુધી કુલ ૨૧ દિવસનું વેકેશન જાહેર કરાયું છે. જેથી પ્રાથમિક–માધ્યમિક બંને શાળાઓના બાળકોના વેકેશનની તારીખો એક સરખી જ રહી શકે તેવું પ્રા થમિક શિક્ષણ વિભાગ ગાંધીનગર દવારા જણાવાયું છે.

કલ્પના શાહ

---

## કચ્છ યુનિર્વસીટી – સેમિનાર :

કચ્છ યુનિર્વસીટી ખાતે પર્યાવરણીય, કૃષિ અને ગ્રીન કેમેસ્ટ્રી વિષયે આયોજીત રાષ્ટ્રીય સેમ ીનારમાં કૃષિક્ષેત્રે વધુ સંશોધન અને વિકાસની જરૂર પર ભાર મુકાયો હતો. આ સેમિનારનો હેતુ આ ક્ષેત્રમાં હાલની પરિસ્થિતિમાં રહેલા ખેતીને લગતા પ્રશ્નો અને તેના નિવારણ અંગે તથા ટેકનો લોજી વિશે ચર્ચા કરવાનો હતો. આ સેમિનારમાં વિવિધ ક્ષેત્રના સંશોધકો, પ્રાધ્યાતકો અને ૧૦૦ થી વધારે વિદ્યાર્થિઓએ ભાગ લીધો હતો. જેમાં તજજ્ઞો દવારા પર્યાવરણીય, કૃષિની મહત્વતાને ત થા ગ્રીન કેમેસ્ટ્રીના ફાયદાઓની સમજ અપાઈ હતી.

કલ્પના શાહ

---

## સોમનાથ લક્ષ્મીપુજન :

શિવભક્તો હવે ઓનલાઈન માધ્યમથી સોમનાથ મંદિર ખાતે લક્ષ્મી પૂજનમાં જોડાઈ શકશે. 31 ઓકટોબરે, દિવાળીના દિવસે સાંજે પોણા છ થી 7:00 વાગ્યા સુધી યોજાનાર લક્ષ્મી પુજનમાં ભક્તો પ્રત્યક્ષ આવીને તેમજ ઓનલાઇન માધ્યમથી પણ જોડાઈ શકશે. ઓનલાઈન પૂજન નોંધાવનાર ભક્તોને પૂજા કરેલ રોજમેળ, શ્રીયંત્ર, બોલપેન, સોમનાથ મહાદેવના નમન અને ભસ્મ, રુદ્રાક્ષ પ્રસાદ તરીકે તેમણે નોંધાવેલા સરનામા પર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

કલ્પના શાહ

---

## હવામાન :

જિલ્લા છેલ્લા ચાર દિવસથી છવાયેલા વરસાદી માહોલે ગઈકાલે એકંદરે વિરામ રાખ્યો હત ો. રાપર તાલુકામાં કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં ઝાંપટાને બાદ કરતાં જિલ્લાભરમાં વિષમ વાતાવરણ અનુભવાયું હતું. સવારાના ઝાકળવર્ષાથી ભીનો માહોલ છવાયા બાદ દિવી ચડતાં જ આકરો તાપ અનુભવાયો હતો. હવામાન વિભાગ હવે જિલ્લામાં એકંદરે વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી કર ી છે.

કલ્પના શાહ

---

## લોથલમાં સૌથી ઉંચુ લાઈટ હાઉસ :

લોથલમાં 200 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે વિશ્વનું સૌથી ઉંચુ લાઈટહાઉસ મ્યુઝીયમ બનાવવામાં આવશે. જયારે દેશ નું પ્રથમ રાષ્ટ્રીય નૌકાદળ હેરિટેજ કોમ્પ્લે ક્ષ તૈયાર કરવામાં આવશે.

પહેલા તબક્કાનું આ કામ 60 ટકા જેટલું પૂર્ણ થઇ ગયું છે.

**કલ્પના શાહ**

---------------------------------------------------

---------------------------------------------------